# ડીસામાં રખડતા ઢોરનો આતંક અકબંધ

## વિશ્વકર્મા સોસાયટી ખાતે વધુ એક વૃદ્ધને ગંભીર ઇજા પહોંચાડતા સારવાર માટે ખસેડયા

ડીસા, તા. ૧

ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોર મામલે ટકોર કર્યા બાદ મહા નગરપાલિકાઓ રખડતા ઢોર પકડવા કામે લાગી છે. આમ છતાં હજુ પણ નાના નગરોમાં અને બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત જોવા મળે છે. ડીસામાં બે દિવસ અગાઉ બે રખડતી ગાયોએ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં આતંક મચાવ્યાના દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં થોડાં સમય પહેલાં આજ? વિસ્તારમાં રહેતા ભાવેશકુમાર ગિરધરભાઈ લોધા નામના એક યુવકને આખલાએ અડફેટે લેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ગભીર હાલતમાં પરિવારના સભ્યો ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. ત્યારે મંગળવારે વધુ એક વૃદ્ધ ગાયોના આતંકનો ?ભોગ બન્યા છે. જેમાં વિશ્વકર્મા સોસાયટી ખાતે રહેતા ધુડાભાઈ જે. ઠક્કર નામના એક વૃદ્ધને ગાયે ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી ત્યારે વિશ્વકર્મા નગરમાં રહેતા સ્થાનિક લોકોએ ૧૦૮ ને જાણ કરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત ધુડાભાઈને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.





આમ તો ડીસા શહેરમાં બજારની વચ્ચે આખલા બાખડવાની કે રખડતાં ઢોરો આતંક મચાવ્યાની ઘટનાઓ સામે આવતી રહે છે. ત્યારે આજે રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં બે ગાયો વચ્ચે યુદ્ધ શરુ થયુ હતુ, જેના કારણે સમગ્ર વિસ્તારમાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો જેમાં રાહદારીઓને અવર જવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટનામાં કેટલાક રાહદારીઓ તો માંડ માંડ બચ્યા હોવાનું પણ જાણવા મળ્યુ છે. ગાયોના આતંકના કારણે આસપાસના વેપારીઓ અને રાહદારીઓને ભારે હાલાકી પડે છે. કેટલીક વખત આવી રખડતાં ઢોરો અને આખલાઓ ઘણી વાર વાહનોને પણ નુકસાન પહોંચાડતા હોય છે તો ત્યાંથી પસાર થતા વાહનચાલકોને અકસ્માત થવાનો ડર રહે છે.ત્યારે ડીસા નગરપાલિકા તંત્રને શહેરના વિવિધ વિસ્તારોમાં અત્ર તત્ર સર્વત્ર ?અડચણરૂપ ટ્રાફિક જામ કરતા વાહન ચાલકો ને દંડ ફટકારી ટોઈંગ વ્યવસ્થા દ્વારા વાહનો જપ્ત કરવામાં આવી રહ્યા છે ત્યારે ડીસા શહેરમાં વિવિધ વિસ્તારોમાં અવાર નવાર રાહદારીઓ અને સામાન્ય જનતા અને વાહન ચાલકોને રંજાડતા રખડતાં ઢોરો પાંજરે પુરવા તંત્રને જાણે કયો ગ્રહ નડે છે ? તેવો સુર ઉઠવા પામ્યો છે.

### તંત્ર રખડતા ઢોર પિંજરે પૂરવામાં નિષ્ફળ

ડીસા શહેરમાં રખડતાં પશુઓને કારણે લોકો પરેશાન થઈ ગયા છે. નાયબ કલેકટરના હુકમ છતાં નગર પાલિકા રખડતાં પશુઓને દૂર કરવામાં નિષ્ફળ રહ્યું હોય તેવુ લાગી રહ્યુ છે. અવારનવાર ડીસા શહેરમાં આખલાઓ સહિતના ઢોરનો ત્રાસ રહેતો હોય છે. સ્થાનિકો દ્વારા પણ આ અંગે અનેક વાર પાલિકામાં રજુઆત કરવામાં આવી છે. છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવતા નથી.

### ડીજીપી આશિષ ભાટીયાના નેતૃત્વમાં

# નેત્રમથી ગુન્હાનો ભેદ ઉકેલવામાં રાજ્યમાં અરવલ્લીનો સતત બીજા વર્ષે દબદબો : રાજ્યમાં ત્રીજા ક્રમે

મોડાસા,તા. ૧

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રવૃતિઓ અને અસામાજીક તત્ત્વો પર કાબુ મેળવવામાં મહદંશે સફળ રહી છે જીલ્લા પોલીસની સફળ કામગીરી અવારનવાર નજરે આવતી રહે છે. ત્યારે જીલ્લા પોલીસને વધુ એક સફળતા મળી છે. અરવલ્લી જીલ્લા પોલીસ દ્વારા ગુનાખોરી ડામવા ગુના ડીટેકશનની કામગીરી કરવામાં આવી રહી છે.જેમાં અરવલ્લી પોલીસ નેત્રમથી ગુન્હાનો ભેદ ઉકેલવામાં રાજ્યમાં સતત બીજા વર્ષે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરતા રાજ્ય પોલીસવડા આશિષ ભાટીયાના હસ્તે પીએસઆઈ જે.એચ.ચૌધરીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ૩ કરોડના ખર્ચે સીસીટીવી લગાવી




નેત્રમ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા સહીત લૂંટ,હીટ એન્ડ રનની ઘટના, ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવામાં નેત્રમ કેમેરા પોલીસને ઉપયોગી સાબિત થઇ રહ્યા છે રાજ્યમાં નેત્રમની કામગીરીની ત્રિમાસિક કામગીરીની સમીક્ષા કરાઈ હતી, જેમાં અરવલ્લી પોલીસને સફળતા મળી છે. જીલ્લામાં ગુનેગારો શોધી કાઢવા ઠેર-ઠેર ઝઝૂફ કેમેરા લગાવવામાં આવ્યા છે. ત્યારે જીલ્લામાં લાગેલાં સીસીટીવી કેમેરા મારફતે છેલ્લા ત્રણ મહીનામાં સફળ કામગીરી કરવામાં આવી છે જેમાં અરવલ્લી ત્રીજા ક્રમે છે. ગુજરાતના ડીજીપી આશિષ ભાટીયા દ્વારા નેત્રમના પીએસઆઈ ચૌધરીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જીલ્લા પોલીસ તંત્રએ નેત્રમ કેમેરાની મદદથી હીટ એન્ડ રન, અપહરણ, ગુમ થવાના, ચોરી, ચૈન સ્નેચીંગ સહીત ૨૪ ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળ રહી છે નેત્રમની મદદથી ૩૩ આરોપી ઝડપી લીધા હતા અને ૧૯ લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મળતા એકંદરે પોલીસનો ‘વિશ્વાસ’ નેત્રમને સથવારે જળવાઈ રહ્યો છે

## GUJCTOC ગુન્હાનો આરોપી માયકલ ડામોર સાસરીમાં મહેમાન ગતિ માણતો હતોને ભિલોડા પોલીસ ત્રાટકી દબોચી લીધો

ભિલોડા,તા.૦૧




અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે કુખ્યાત ૧૯ બુટલેગરો સામે ગુજસીટોકનો ગુન્હો નોંધી એક જ ઝાટકે પુરા કરી નાખતી શખ્ત કાર્યવાહી કરતા બુટલેગરો સહીત અસામાજીક તત્ત્વો પર મહદંશે કાબુ મેળવ્યો હતો.ભિલોડા પંથક સહિત રાજસ્થાનના ઝાંઝરી,જાંબુડી સહિતના ગામોમાં સાગરીતો સાથે ગંભીર ગુનાઓ આચરી પંથકમાં આંતક ફેલાવનાર અને પોલીસ પર હુમલો કરવામાં અને હત્યા કરાવમાં સહેજ પણ ખચકાટ ન અનુભવતા કુખ્યાત બુટલેગર ભવંરલાલ ઉર્ફે સુકા ડુંડ અને તેના ૧૮ સાગરીતો વિરુદ્ધ ગુજસીટોક એકટ હેઠળ ગુનો નોંધી પોલીસે ૧૧ જેટલા બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ગુજસીટોકના ગુન્હામાં નાસતા-ફરતા ૮ બુટલેગરોને ઝડપી પાડવા પોલીસ સતત દોડાદોડી કરી રહી છે ભિલોડા પોલીસે ગુજસીટોક ગુન્હાનો ખૂંખાર આરોપી માયકલ ડામોરને તેની સાસરીમાંથી દબોચી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ગુજસીટોક ગુન્હાનો નાસતો-ફરતો ડોડીસરા ગામનો કુખ્યાત બુટલેગર માયકલ નગીનભાઈ ડામોર તેની સાસરી નાપડા-જાગીર ગામમાં મહેમાન ગતિ માણતો હોવાની બાતમી મળતા તાબડતોડ નાપડા-જાગીર ગામે પોલીસ ટીમ સાથે પહોંચી માયકલ ડામોરને કોર્ડન કરી દબોચી લેતા કુખ્યાત બુટલેગર અને ગુજસીટોક જેવા ગુન્હાના ખુંખાર આરોપી માયકલ ડામોરના મોતીયા મરી ગયા હતા ભિલોડા પોલીસે નાપડા-જાગીર ગામમાંથી ઉઠાવી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો ભિલોડા પોલીસ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ હેઠળ ગુન્હાના નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી હજુ પણ ગુજસીટોક ગુન્હાના ૭ જેટલા બુટલેગરો પોલીસ પકડથી દૂર છે જેમાં બે આરોપી રાજસ્થાનના હોવાથી પોલીસ સતત રાજસ્થાનના આંટા ફેરા મારી રહી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી.

### મોડાસામાં ધંધુકાના યુવકની હત્યાના પડઘા

## ન્યાયની માંગ સાથે વિશાળ રેલી યોજી જીલ્લા કલેકટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧

ધંધૂકામાં કિશન ભરવાડ નામના યુવાનની હત્યાના ગુજરાતભરમાં પડઘા પડી રહ્યાં છે. હત્યાના વિરોધમાં ઠેર ઠેર બંધ અને રેલીઓ યોજવામાં આવી રહી છે. માત્ર એટલું જ નહીં, ખુદ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની દેખરેખ હેઠળ સમગ્ર તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે કિશન ભરવાડના હત્યારાઓને ફાંસીની સજાની માંગ સાથે સોમવારે અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા ટાઉન હોલથી જીલ્લા કલેકટર કચેરી સુધી જુદા જુદા સંગઠન દ્વારા વિશાળ રેલી કાઢવામાં આવી હતી અને જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં





આવ્યુ હતું. હત્યા કરનાર શખસો સામે કડક પગલા લેવા સંગઠનોએ માંગણી કરી છે. આ ઘટનાના પગલે સંગઠનોના સભ્યોએ રોષ વ્યકત કર્યો હતો.

મોડાસા શહેરમાં આજે સોમવારે ધંધુકાના યુવાનની હત્યાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ, આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ, હિન્દૂ યુવા વાહિની, હિન્દુ યુવા સંગઠન,ગુજરાત ભરવાડ યુવા સંગઠન, માલધારી સમાજના સંગઠનો સહિતના હિન્દૂ સંગઠનોએ વિશાળ મૌન રેલી કાઢી હતી આ જુદા જુદા સંગઠનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યુ હતું. યુવાનની હત્યા કરનાર શખસોને કડક સજા કરવા માંગણી કરવામાં આવી હતી. ગત તા. ૨૫ જાન્યુઆરીએ ધંધુકામાં બે શખસોએ ગોળી મારી કિશનભાઈ બોળીયા નામના યુવાનની હત્યા કરી નાખી હતી અને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હાલ પોલીસે હત્યામાં સંડોવાયેલ ૫ આરોપીને ઝડપી લીધા છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ હત્યાને લઈ જુદા જુદા હિન્દુ સંગઠનો અને માલધારી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે.

ધંધુકાના યુવાનના હત્યાના વિરોધમાં મોડાસા શહેર સહિત રાજયના કેટલાક જિલ્લા અને તાલુકામાં પણ આવેદન પત્ર આપવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ સજ્જડ બંધ પાળવામાં પણ આવ્યો હતો. આરોપીઓને કડક સજા કરવા માંગ ઉઠી રહી છે અને આવા બનાવ ફરીના બને તે માટે ઉદાહરણરૂપ સજા આપવી જોઈએ તેમ લોકોએ માંગણી કરી હતી.

## શામળાજી : આશ્રમ ચાર રસ્તા નજીક ટ્રકમાંથી ૨૫ પશુઓને કતલખાને ધકેલાતા બચાવી લીધા, ચાંદ ટેકરીના ૩ કસાઈઓને ઝડપી લીધા








ભિલોડા,તા.૦૧

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ઉત્તર ભારતના રાજ્યોમાંથી વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે હવે કસાઈઓ પણ આ માર્ગે વિવિધ નાના-મોટા વાહનો મારફતે ગૌવંશ અને પશુઓને કતલખાને ઘુસાડી રહ્યા છે શામળાજી પોલીસે આશ્રમ ચોકડી નજીક ટ્રકમાંથી ૨૫ ભેંસોને મુશ્કેટાટ હાલતમાં ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી કતલખાને ધકેલી દે તે પહેલા બચાવી લીધા હતા શામળાજી પોલીસે ચાંદટેકરી વિસ્તારના ત્રણ કસાઈઓને દબોચી લઈ ટ્રકમાં ભેંસ ભરી અપાનાર ત્રણ કસાઈઓ ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

શામળાજી પીએસઆઈ ભરત ચૌહાણ અને તેમની ટીમે આશ્રમ ચાર રસ્તા નજીક વાહનોનું ચેકીંગ હાથધરતાં શંકાસ્પદ ઝડપ અને ગફલતભરી રીતે હંકારી પસાર થતા ટ્રકને અટકાવી પોલીસે તલાસી લેતા ટ્રકમાંથી મુશ્કેટાટ હાલતમાં બાંધેલ અને ઘાસચારા કે પાણીની સગવડ વગર કણસતી ૨૫ ભેંસ કતલખાને ધકેલાતા બચાવી લઈ પાંજરાપોળ ખાતે મોકલી આપી મોડાસા ચાંદટેકરી વિસ્તારના ટ્રક ચાલક હબીબ શાબીર મુલતાની તેમજ ટ્રકમાં બેઠેલા રિઝવાન હનીફ મુલતાની અને ઈમ્તિયાઝ અલ્લારખ મુલતાનીને દબોચી લઈ ૨૫ ભેંસ,ટ્રક,મોબાઈલ તથા રોકડ રકમ મળી કુલ.રૂ.૧૨.૫૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે કસાઈઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટ્રકમાં ગેરકાયદેસર ભેંસો ભરી આપનાર ૧) રિઝવાન કાસમ મુલતાની,૨) યાકુબ ખીમા મુલતાની અને ૩)ઝાઈર ગફુર મુલતાની (ત્રણે,રહે.ચાંદટેકરી) વિરુદ્ધ એમવી એક્ટ તેમજ પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# આઝાદીને ૭૫ વર્ષ પુરા થતા ડીસામાં એબીવીપી દ્વારા વિશાળ તિરંગા યાત્રા યોજાઈ

ડીસા, તા. ૧

બનાસકાંઠાના ડીસા ખાતે આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થતાં એબીવીપી દ્વારા ત્રિરંગા યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં એબીવીપીના કાર્યકર્તા તેમજ ડીસા કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર ડીસામાં યોજાયેલી આ યાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આવેલ ડીએનપી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતેથી એબીવીપીના કાર્યકર્તા દ્વારા આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા તિરંગા યાત્રાનું આયોજન



કરવામાં આવ્યું હતું આ તિરંગા યાત્રા ડીસાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતેથી શરૂ થઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ આ તિરંગા યાત્રામાં ૩૪૪ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે આ તિરંગા યાત્રાની ડીસાના મુખ્ય માર્ગો પર ફરી હતી આજે નીકળેલી તિરંગા યાત્રા ડીસાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ થઈ ડીસાના જાહેર માર્ગો પર ફરી પરત ડીસા કોલેજ ખાતે પૂર્ણ થઈ હતી.

## જન્મદિને વધામણી



આયુષ ભાવેશભાઈ પટેલ
બાયડ જિલ્લો અરવલ્લી



વિષ્ણુભાઈ સોની
ભિલોડા જીલ્લો અરવલ્લી



ભૌતિક પંચાલ
બાયડ જીલ્લો અરવલ્લી



જયેશ પંચાલ
ચોઈલા તા.બાયડ જીલ્લો અરવલ્લી



બંસરી ડો. સુનિલભાઈ શાહ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



કલ્પનાબેન બ્રહ્મભટ્ટ
તલાટી કમ મંત્રી, ગાબટ ગ્રામ પંચાયત
બાયડ જીલ્લો અરવલ્લી



શુભમ શાહ
બાયડ



રીના બેન ડો.હાર્દિકભાઈ પટેલ
બંસી પેથોલોજી લેબોરેટરી
બાયડ, જી.અરવલ્લી



વાચા તેજસ કુમાર પટેલ
યમુના કૂંજ સોસાયટી
બાયડ

**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### કિશન ભરવાડ હત્યાના પડઘા શક્તિપીઠ અંબાજીમાં

## અંબાજીના બજારો બપોર સુધી સજ્જડ બંધ, અંબાજીમાં હિંદુ સંગઠનની રેલી

અંબાજી, તા. ૧

ધંધુકાના યુવાન કિશન ભરવાડની હત્યા અને રાધનપુરના શેરગઢ ગામે યુવતી પર વિધર્મી યુવકે કરેલા હુમલાની ઘટનાના સમગ્ર ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. હુમલાના વિરોધમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન સાથે




આવેદનપત્રો અપાઈ રહ્યા છે રાજ્યમાં ઠેર ઠેર આ કૃત્ય સામે આક્રોશ ભભૂકી ઉઠતા રેલી આવેદનપત્ર આપી રોષ ઠાલવી ગુનેગારો સામે કડક પગલાં ભરવા માંગણી કરાઈ રહી છે.

શક્તિપીઠ અંબાજીમા પણ આજરોજ વિશ્વ હિંદુ પરિષદ અને વિવિધ હિંદુ સંગઠનનો અને અંબાજી ગામના લોકોએ આ કૃત્યને વખોડીવા અંબાજી બંધનું એલાન આપતાં બજારો સજ્જડ બંધ જોવા મળ્યા હતા. અંબાજીમાં વિશ્વ હિંદુ પરિષદ અને વિવિધ હિંદુ સંગઠનનો, હિંદુ સમાજના મોટી સંખ્યામાં યુવાનો વડીલો પરશુરામ મંદિર ખાતે એકઠા થયા હતા મોટી સંખ્યામાં હિંદુ પ્રજાજનોએ મળી અંબાજીમાં તિલક રેલી કાઢી અંબાજી પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ.જે.બી આચાર્યને આવેદન પત્ર પાઠ્યુ હતું. તેમજ અંબાજીના બજાર સજ્જડ બંધ રાખી આક્રોશ વ્યક્ત કર્યો હતો.અંબાજી શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અંબાજી પી.આઈ.જે.બી.આચાર્ય તથા સ્ટાફ દ્વારા ખડેપગે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### અવસાન નોંધ

ભિલોડા નનાનપુર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ વિનુભાઈ બબાભાઈ પટેલના ધર્મ પત્ની અને હર્ષદભાઈ અને રાજેન્દ્રભાઈના માતૃશ્રી લીલાબહેન વિનુભાઈ પટેલનું નિધન થયેલ છે.સ્વર્ગસ્થનું બેસણું ૩ જી ફેબ્રુઆરી, ગુરૂવારે નનાનપુર મુકામે રાખેલ છે.